**ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ(માલધારી) જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીની રચના કરવા બાબત.**

**ગુજરાતસરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય,ગાંધીનગર.

તારીખ:૦૬/૦૭/૨૦૨૧

**વંચાણેલીધા :-**

૧) ભારતના રાષ્ટ્રપતિના 'ધ શિડ્યુલ્ડ કાસ્ટ્સ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ લીસ્ટ્સ(મોડિફિકેશન) ઓર્ડર '૧૯૫૬' પ્રસિધ્ધ કરતું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું તા.૨૯/૧૦/૧૯૫૬નું જાહેરનામું.

૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૦૧/૨૦૧૦નો ઠરાવ.

૩) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ.

૪) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૯/૦૯/૨૦૨૦નો ઠરાવ

૫) કમિશનરશ્રી(આ.વિ.)નો તા.૨૬/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક:આવિ/તા.સં./ફા.નં.૪૪૨૯/ ૨૦૨૧/૧૪૩૭.

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના ઠરાવથી શ્રી ડી.જી.કારીયા, માન.નિવૃત્ત ન્યાયાધીશશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના ઠરાવથી શ્રી કે.આઈ.કાછીયા, માન. નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવેલ હતી. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૫)ના પત્રથી કમિશનરશ્રી(આ.વિ.)એ સદર કમિટીમાં કામ કરવા માટે શ્રી કે.આઈ.કાછીયા, માન. નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશના બદલે અન્ય સભ્ય તરીકે શ્રી વી.એમ.ચૌધરી, માન. નિવૃત્ત જિલ્લા સેશન્સ ન્યાયાધીશની નિમણૂક કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્રિય વિચારણાને અંતે ગીર , બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવાની સંદર્ભિત ક્રમાંક: (૩) સામેના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવથી રચેલ"કમિટી"માં શ્રી કે.આઈ.કાછીયા, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રીની જગ્યાએ શ્રી વી.એમ.ચૌધરી, માન. નિવૃત્ત જિલ્લા સેશન્સ ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મુખ્યમંત્રીશ્રીની તા.૩૦/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એ.દેસાઈ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસનાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.
  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી વી.એમ.ચૌધરી, નિવૃત્ત જિલ્લા સેશન્સ ન્યાયાધીશશ્રી, એ/૩૦૧, મહિન્દ્રા એપાર્ટમેન્ટ, સોમેશ્વર પાર્ક-૩ સામે, ગુલાબ ટાવર રોડ, થલતેજ, અમદાવાદ.
- શ્રી કમલેશકુમાર આઇ.કાછીયા, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ,એ/૫૦૧, પારસ ગેલેક્ષી, હરિ દર્શન ક્રોસ રોડ, નરોડા, અમદાવાદ.
- શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિવિકાસ, બિરસામુંડાભવન, ગાંધીનગર.)
- શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી, (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિવિકાસ, બિરસામુંડાભવન, ગાંધીનગર.)
- પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી(મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડાભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસામુંડાભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવદ.
- નાણા સલાહકારશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.

✓ સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર